DATE :- 11-02-2026
SANDESH , PAGE - 04 , SURAT

# મેટ્રો પ્રોજેક્ટ : અપ લાઈન ટનલનું કામ પૂરું, ટીબીએમ બહાર નીકળ્યું

| સુરત |

સુરતીઓ માટે ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે મહત્ત્વનું કહી શકાય તેમ મેટ્રો પ્રોજેક્ટમાં કોરિડોર-૧ના રૂટમાં આવતા કાપોદ્રાથી ચોકબજાર વચ્ચે ટનલનું કામ મંગળવારે પૂર્ણ થયું હતું. ૬.૪ કિમી સુધી લાંબી ટનલમાંથી ટીબીએમ મશીન રાતે સાડા આઠ વાગે ચોકબજાર તરફ બહાર નીકળ્યું હતું. મેટ્રો પ્રોજેક્ટમાં ૨૧.૬૧ કિલોમીટરના કોરિડોર-૧ પર ૨૧.૬૧ કિલોમીટરના વિસ્તારમાં ૨૦ સ્ટેશનો પૈકી ૧૫.૧૪ કિલોમીટર સુધી એલિવેટેડ રૂટ છે. જ્યારે ૬.૪૭ કિલોમીટરમાં અંડરગ્રાઉન્ડ ૦૬ સ્ટેશનો છે. કાપોદ્રાથી ચોકબજાર સુધી અંડરગ્રાઉન્ડ સ્ટેશનો માટે ડાઉન લાઈન ટનલનું કામ ઓગસ્ટ મહિનામાં પૂરું થયું હતું. જ્યારે અપ લાઈન ટનલનું કામ મંગળવારે પૂરું થયું હતું. હવે અપ અને ડાઉન લાઈન બન્ને ટનલનું કામ પૂર્ણ થતા સ્ટેશનોની કામગીરી ઝડપથી શરૂ કરાશે.